શાહેફએ ઈદુદ દોહા.

લખનાર,

નિઝામુદ્દીન એ. કુરેશી.

પાચપટી, અમદાવાદ.

પ્રગટ કરનાર,

અમીર હસન નિઝામી.

પાચપટી, અમદાવાદ.

આવૃતી ૩ જી   પ્રત ૧૦૦૦

ને ૧૩૪૩ હીજરી   સને ૧૯૨[illegible]

કીંમત બે આના.

ધી અમરસીંહજી પ્રિ. પ્રેસમાં

પઠાણ નીઝમખાન નુરખને છાપ્યુ

રાજપુર રોડ ગુડલેન્ડ બંગલે, અમદાવાદ.

બે બોલ.

જે ભાઈઓ મઝહબી અહકામાંથી અરબી કે ઉર્દુ ભાષા ન જાણવાના કારણે અજાણ રહે છે તેમના માટે આ ન્હાનકડુ ટ્રેક્ટ લગભગ ચૌદ વરસ પહેલા બહાર પાડયું હતું. તે પછી તેની બીજી આવૃતી પ્રગટ થઇ અને આજે ત્રીજી આવૃતી પ્રગટ થાય છે. સખી ગ્રહસ્થોએ આવા ટ્રેક્ટો મુસલમાન ભાઈઓમા છુટથી વહેંચવાની જરૂર છે.

૨૧ માહે રમઝાનુલ મુબારક સને ૧૩૪૩ હિજરી.

નિઝામુદ્દીન કુરેશી.

તોહફ્એ ઈદુદ દોહા.

-વા માણસે કુરબાની કરવી જોઇએ.

૧ જે માણસ એક બકરો, મેંઢો (નર અથવા માદા) ખરીદ કરવાની તાકાત ધરાવતો હોય તો તેણે કુરબાની કરવી જોઇએ.

૨ પૈસાદાર માણસ પોતાની તથા પોતાના કુટુંબની તરફથી ખુદાની નઝદીકી હાસલ કરવાની નીયત કરીને એક જાનવર ખરીદી કુરબાન કરી શકે છે (મુસ્લિમ).

૩ પોતાની તથા પોતાના કુટુંબ તરફથી જુદી જુદી કુરબાની પણ કરી શકે છે. (બુલુગુલમરામ વ મિશકાત).

૪ આ કુરબાની વાજીબ અને સુન્નતે મોઅકકેદા છે પણ વાજીબ કેહનારાની

દલીલ મજબુત છે (બુદુરૂલ અહિ-
લ્લા) તેથી ગરીબ માણસ કરજ
કરીને કુરબાની કરે તો સુન્નત અદા
થઇ જશે અને સવાબ પણ મળશે
પરંતુ માત્ર દુન્યાને દેખાડવાની ખા-
તર વ્યાજે રૂપીઆ લઇ કુરબાની
કરવી દુરૂસ્ત નથી. (મવતા).

૫ ખાવિંદ પોતાની પત્નિ તરફથી કુર-
બાની કરી શકે છે. (મુસલિમ.)

૬ જો કોઇ માણસ કુરબાનીની તાકાત
ધરાવતો હોય તો તે મરણ પામેલા
ની તરફથી પણ કુરબાની કરી શકે
છે. કેમકે હઝરત રસુલે કરીમ સલ૦
ની તરફથી તેમની વફાત બાદ
હઝરત અલી કર૦ એ કુરબાની કરી
હતી. (મિશકાત).

૭ નાબાલેગ સાહેબે નસાબની તરફથી
તેનો વાલી તેની મીલકતમાંથી કુર-
બાની કરી શકે છે. (તિરમીઝી).

૮ સાહેબે નસાબ થઇને કુરબાની ન કરનાર માટે **હઝરત રસુલે કરીમ સલ૦** એ ઈતાબ જાહેર કરી ફરમાવ્યું છે કે તે અમારી ઈદગાહની પાસે ન આવે.

જે માણસ હજના માટે ગયો હોય અને તેની પાસે કુરબાની કરવા જેટલા પૈસા ન હોય તો તેણે દસ દીવસ સુધી રોઝા રાખવા જોઇએ. (બુખારી, મુસલિમ અને મિશકાત)

કુરબાની કેવી કરવી જોઇએ.

હઝરત રસુલે કરીમ સલ૦ કેટલીક વખતે બે દુમ્બા અથવા બે શીંગડાવાળા મેંઢા અને કોઈ વળાએ એક દુમ્બો કુરબાન કરતા હતા. (મિશકાત).

વળી તેઓ હઝરત સલ૦ તદન કાળા અથવા કાબરચિત્રા પગવાળા જાડા મેંઢાને વધુ પસંદ કરતા હતા. (મિશકાત).

વળી ફરમાવતા હતા કે જાડી મોહટી અને તંદુરસ્ત કુરબાની કરતા રહો કે તે

પુલસિરાત ઉપર તમારી સવારીના કામમાં આવે. (મિશકાત).

અને વળી ફરમાવતા હતા કે કુરબાની કરનારાઓને આથી વધારે ખુશી થવા જોગ કઇ ખુશી હોઈ શકે છે કે તેઓ જે જનાવરની કુરબાની કરશે તેના વાળ બરાબર સવાબ મળશે. (તિરમીઝી).

કઇ જાત અને કેટલી વયના જનાવર

કુરબાનીને કાબેલ છે.

૧. બકરો, બકરી, મેંઢા અને દુમ્બો જ્યારે એક વરસની વયનો થાય. ૨. ગાય અને બળદ જ્યારે ત્રીજું વરસ લાગે. ૩. ઉંટને જ્યારે એક વરસ શરૂ થાય. ૪. કુરબાનીમાં ઉત્તમ કુરબાની સીંગડાવાળા મેંઢાની હોય છે. ૫. છ મહીનાની વયનાં એંઢા અથવા દુમ્બા જે મોટા, તાજા અને જોવામાં એક વરસની વયના લાગે.

કેઈ જાતના જનાવરોની કુરબાનીની મનાઈ છે.

આંધળા, કાણા ઘણા માંદા, પાતળા, પડી ગએલા દાંતવાળા, સુકાએલા થણવાળી માદા, વધારે કાન કપાએલા, અર્ધથી વધુ પુછડી કપાએલા, ઉઘડેલા શીંગડાવાળા, લંગડા, ઉપર અથવા નીચેથી ચીરાયલા કાનોના, એટલા દુબળા કે હાડકામાં ગુદો ન હોય, કુરબાની કરવાની જગ્યા સુધી ન જઈ શકતા હોય. (નિસાઇ, ઇબનેમાજા, મિશકાત).

કુરબાનીમાં ભાગીદારી.

બકરા, બકરી, ખસ્સી મેંઢો માત્ર એકજ માણસ તરફથી હોવો જોઇએ. અને ગાય બળદમાં સાત માણસોની ભાગીદારીથી કુરબાની થઇ શકે છે. અને ઉંટમાં દસ માણસો સાથે મળીને કુરબાની કરી શકે છે.

મોટી ઇદ અને દસમી તારીખની ફઝીલત.

મોટી ઇદના દીવસે હઝરત નબી સલ૦ એ ફરમાવ્યું છે કે આજે અમારૂં સઉથી પહેલું કામ નમાઝ અને નમાઝ અદા કરી ઘેર પોંહચી કુરબાની કરવાનું છે અને આ કામ કરનાર અમારી સુન્નત ઉપર ચાલનાર છે. (સહીહયન).

ખુદાની પાસે ઝિલહજ મહીનાના પહેલા દસ દીવસમાં ઇબાદત કરવા કરતાં કોઇ પણ દીવસ ઉમદા નથી. આ દીવસોમાં એક દીવસનો રોઝો એક વરસના રોઝાઓની બરાબર અને એક રાતનો કયામ શબેકદરના કયામની બરાબર હોય છે (તિરમિઝી, મિશકાત, ઇબનેમાજા).

અને કુરબાનીના દીવસોમાં કુરબાની વિના કોઇ પણ કામ પસંદીદા નથી. (તિરમિઝી).

ગોશ્તની વ્હેંચણી.

કુરબાનીના ગોશ્તની વહેંચણી માટે કોઇ ખાસ **હીદાયત** નથી પણ **હઝરત નબી સલ૦** ફરમાવતા હતા કે પોતે ખાવો અને લોકોને પણ આપો તથા જ્યાં સુધી ચાહો રાખી મુકો. વળી મુહકકેકીનોએ લખ્યું છે કે કુરબાનીના ગોશ્તના ત્રણ હિસ્સા કરીને એક હીસ્સો ફકીરો અને યતીમોમાં વહેંચવો અને બીજો પાડોસીઓમાં આપવો અને ત્રીજો પોતાના માટે રાખવો. હવે તેમાંથી જેને આપવાની ઇચ્છા હોય તેને આપી શકે છે.

કુરબાનીનો વખત.

ઇદની નમાઝ અદા કરવા પછીથી ઝિલહજની તા. ૧૨ મીની અસરની નમાઝ સુધી કુરબાની કરવાનો વખત છે અને ઇદની નમાઝ પેહલાં કુરબાની કરવી દુરૂસ્ત નથી.

કુરબાનીને લગતી કેટલીક સુચનાઓ.

૧, હઝરત રસુલે કરીમ સલ૦

પોતાના મુબારક હાથે કુરબાની કરતા હતા. તેથી કુરબાની કરનારાના માટે એજ બહેતર છે કે તે પોતાના હાથે કુરબાની કરે. ૨, ઇદની નમાઝ પછી કુરબાની કરવી અને કુરબાની કરવા પછી હજામત બનાવવી જોઇએ. જો કદાચ ભુલથી કોઈ માણસ કુરબાની કરવા પહેલાં હજામત બનાવી લીધી હોય તો પણ કાંઇ હરકત જેવું નથી, ૩, કસાઇને મજુરીના બદલામાં ગોશ્ત અથવા ચામડું ન આપવું જોઇએ બલકે મજુરીના પૈસા પોતાની પાસેથી આપવા જોઇએ. જો કદાચ કસાઇ ગરીબ માણસ હોય તો તેને મજુરીના પૈસા સાથે ગોશ્ત આપવામાં આવે તો કાંઈ હરકત નથી. વળી કુરબાની કરનારને ચામડું વેચવાની ખાસ મનાઇ છે પણ કોઇને આપી દેવામાં હરકત નથી.

કુરબાની કરવાની તરકીબ.

૧ પ્રથમ છરીને સારી પેઠે તેજ કરી

જનાવરને કિબલા તરફ મોઢું કરી સુવાડવું અને ફરી **"બિસ્મિલ્લાહે અલ્લાહો અકબર"** કહી જમણા હાથે ઝુબેહ કરવું અને તે બાદ આ દોઆ પઢવી. **"ઈન્ની વજ્જહતે વજહી લિલ્લઝી ફતરસ સમાવાતો વલ અરદે હનીફંવ વમા-અના મિલન મુશરેકીન. ઈન્ના સલા-તી વ નુસ્કી વ મહયાઈ વ મમાતી લિલ્લાહે રબ્બિલ આલમીના, લા શરી-કા લહુ વબે ઝાલિકા ઉમેરતો વઅના અવ્વલુલ મુસલેમીન"** ૨ અગર કુર-બાની પોતાની તરફથી હોય તો ઝુબેહ કરતી વખતે કહેવું જોઇએ. કે **"અલ્લા-હુમ્મે તકબ્બલ મિન્ની કમા તકબ્બ-લના મિન ખલીલેકા ઈબ્રાહીમા"** અને જો કદાચ કોઇ બીજા માણસની કુરબાની હોય તો **"અલ્લાહુમ્મા તકબ્બલ મિન ફુલાં"** (ફુલાંની જગ્યાએ કુરબાની કરનારનું નામ લેવું) પઢવું અને જો પોતાના કુટુંબ તરફથી

હોય તો **"અલ્લાહુમ્મા તકબ્બલ મિન અબ્દ્દસ્તી"** કહે. (મિશકાત) જો કદાચ કાઇને અરબી ઇબાદત ભણતાં ન આવડે તો તે આવી રીતે પોતાની ભાષામાં કહે કે "અયે પાકપરવર દિગાર આ કુરબાનીને તું મારી તરફથી અથવા ફુલાં માણસની તરફથી અથવા મારા કુટુંબ તરફથી કબુલ કર" ૩, એક જનાવરને બીજા જનાવરની રૂબરૂ ઝિબ્હ ન કરવું જોઈએ.

ઈદની નમાઝનો વખત.

૧, ઇદની નમાઝનો વખત સુરજ બુલંદ થવાથી તે ઝવાલનો વખત થવા પેહલાં સુધી રહે છે. (બુખારી) ૨, મોહટી ઇદની નમાઝ નહાની ઇદની નમાઝથી થોડાક વખત પેહલાંથીજ પઢી લેવી જોઇએ. (મિશકાત).

ઈદના માટે કેટલીક સુચનાઓ.

૧, મોહટી ઈદના દીવસે નમાઝ પછી ખાવું સુન્નત છે. (બુખારી) પણ જો મળી

શકતું હોય તો કુરબાનીનું ગોશ્ત ખાવું જોઇએ. (મિશકાત) ૨, લુગડાં સારાં પહેરવાં, સુગંધી લગાવવી, તે મુસતહબ છે. (ઇમામ શોકાફી) અને જેની પાસે સારા લુગડા ન હોય તે બીજાની પાસેથી લઇને પહેરે. (મુસલિમ) ૩, જે રસ્તેથી ઇદગાહ જવું હોય તેજ રસ્તેથી ઘર પાછું ન ફરવું જોઇએ બલકે બીજા રસ્તેથી આવવું બેહતર છે. (બુખારી શરીફ) ૪, ઈદગાહ જતી વખતે અને ત્યાંથી ઘેર પાછા ફરતી વખતે મોહડેથી તકબીર ભણવી જોઇએ. (બુખારી શરીફ) ૫, ગાડી ઘોડા કે બીજી સવારી કરતાં પાયદળ જવું બેહતર છે. (બુલુગુલમરામ) ૬, ઈદના દીવસે ખેરાત કરવી જરૂરી છે જેમકે નાગાને લુગડા આપવા. ભુખ્યાને ખાણું ખવરાવવું અને તરસ્યાને પાણી પાવું સારૂ છે. (તિરમીઝી) ૭, જે ઇદગાહોમાં સ્ત્રીઓને માટે ખાસ બંદોબસ્ત કર્યો હોય ત્યાં બચ્ચાઓ સિવાય છોકરીઓ અને

સ્ત્રીઓ નમાઝમાં શરીક થઇ શકે છે. (સહી હુયન) ૮, ઝિલહજ મહીનાની પેહલી તારીખથી બારમી અને કેટલાકના કહેવા પ્રમાણે તેરમી તારીખ સુધી હરેક નમાઝ પછી તસબીહ અને તકબીર જોઇએ. પરંતુ દસમી તારીખની સવારથી બારમી તારીખની મગરેબ સુધી જેટલી બની શકે તેટલી તકબીરો કેહવી જોઇએ. (બુખારી)

નમાઝને લગતી કેટલીક સુચનાઓ.

૧ ઇદની નમાઝની બે રકાતો મુસલમાનો ઉપર ફરઝ છે પરંતુ હદીસે શરીફમાં ઝાહેરી શબ્દોથી તેમની ફરઝીયાત અને વુજુબ સાફ તોરથી સાબેત છે (મસનદ ઇમામ એહમદ) **જનાબ રીસાલત મેઆબ સલ૦** એ ઇસલામની શરૂઆતથી તે વફાત સુધી કોઇ પણ વખતે બંને ઇદોની નમાઝો તરક કરી નથી. (એવીજ રીતે આપના ચારે ખલીફાઓ તબેતાબેઇનોએ પણ નમાઝ

તરક કરી હોય એમ સાબેત થતું નથી) બલકે અગર કોઇ વખતે જુમ્માના દીવસે ઇદનો દીવસ આવી જતો તો પોતે ઇદની નમાઝ અદા કરતા અને જુમ્માના માટે આમ રજા આપતા કે આ નમાઝ ઇખતીયારી છે. ચાહે પઢો અને ચાહે ન પઢો. (બુલુગુલમરામ) પરંતુ પોતે જુમ્માની નમાઝ તરક કરતા નહોતા. (બુદુરૂલ અહિલ્લા) તેથી હનફી બઇત્તેબાએ સુનતે રસુલે મકબુલ સલ૦) લોકો જુમ્માની નમાઝ પઢે છે.—૨—ઇદની નમાઝની નવ તકબીરો હોય છે અને અઝાન નથી થતી. (બુખારી) ૩, અગર જમાઅત અતહઇયાતમાં હોય અને વુઝુ નહોય તો માત્ર તયમ્મુમ કાફી છે. (ઇબ્ને માજા) ૪, ઇદનો ખુત્બો નમાઝ પછી થાય છે. માટે ખુત્બો સાંભળીને જવું જરૂરી છે (મુસલિમ) ૫, અગર નમાઝ ન મળી શકે તો એકલો અથવા બે ત્રણ માણસોની સાથે જમાઅતથી નમાઝ ભણવી જોઇએ અને આવી રીતે

નમાઝ પછી ખુતબાની જરૂરત નથી. (બુખારી) ૬, વરસાદના સબબે ઇદગાહે જવાનું ન બની શકે તો મસજીદમાં નમાઝ ભણવી જોઇએ. (અબુદાઉદ) ૭, જે માણસો શહેરથી દુર ગામડાઓમાં રહે તેઓ અગર ઈદની નમાઝના માટે ઇદગાહમાં આવે તો સારૂં, નહીં તો તેઓ પોતાના ગામમાંજ શહેરવાળાઓની પેઠે તકબીરની સાથે નમાઝ અને ખુતબો અદા કરી લે. (બુખારી).

નમાઝના તરીકા.

૧, નમાઝથી પહેલાં ઇદગાહમાં સારી સંખ્યામાં લોકોને જમાવ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી ઇમામે વાઅઝ કહેવો જોઇએ. (ઇબ્ને માજા) અને જ્યારે નમાઝ માટે ઉભો થાય તો પહેલી તકબીરની પછી માત્ર "સુબહાનકલ્લા અઓઝ" સુધી ભણે; અને ફરી ત્રણ તકબીરો એક પછી એક કહે તે વખતે હાથ ખુલ્લા રાખે અને

આખરીની પછી હાથ બાંધીને કિરઅત શરૂ કરે. બીજી રકઅતમાં પેહલાં કિરાઅત અને ફરી રૂકુઅમાં જવા પહેલાં ત્રણ તકબીરો કહે ર, જે વખતે ઇમામ નમાઝના માટે ઉભો થાય તે વખતે મુકતદી આ નીયત કરે "બે રકઅત નમાઝ ઇદુઢદુહાની વાજીબ તકબીરો સાથેની આ ઇમામની પાછળ અને મોહડું કિબલા શરીફની તરફ અલ્લાહોઅકબર" પછી ઇમામ તકબીરે તેહરીમાની પછી ત્રણ તકબીરો કહેશે. (આ તકબીરોનું નામ તકબીરે ઝાયદા એટલા માટે છે કે માત્ર ઇદની નમાઝમાંજ આ વધારે હોય છે અને કેટલાકોએ આ તકબીરોનું નામ તકબીરે ખાસ રાખ્યું છે) આ તકબીરોની વખત હાથ કાનો સુધી ઉપાડીને ખુલ્લા મુકી દેવા જોઇએ. (તિરમીઝી) બીજી રકઅતમાં કિરઅતની પછી અને રૂકુઅથી પહેલાં આ તકબીરે ઝાયદા અથવા ખાસ કહેવામાં

આવશે અને ચોથી તકબીરની બાદ રૂકુઅમાં જવું પડશે. આ તકબીરો પછી કોઈ પણ ઝીકર ન હોવો જોઇએ.

હજમાં હાજીઓ ઉપર મોટી ઇદની નમાઝ અને ખુત્બો વાજીબ નથી. (મુસલિમો મિશકાત).

ખુતબો

ઇમામ સલામ ફેરવીને ખુતબો શરૂ કરશે. માટે દરેક મુસલમાને તે ખુત્બો સાંભળવો જોઇએ. ખુતબો પુરો થવા બાદ સરવે હાજર રહેલાઓએ દોઆ માંગવી અને દોઆ ખતમ થવા ઉપર એક બીજાએ હસ્તા ચેહરે હાથ મેળવવા સુન્નત છે (તિરમિઝી).

સમાપ્ત

પાક કુરઆને શરીફ,

(સુંદર લાકીટમાં)

ચાલુ જમાનાની આગળ વધતી નવી હુન્નરકળાના પ્રતાપે પાક કુરઆને મજીદ એક ઇંચ લાંબુ, પોણી ઇંચ પહોળું અને અર્ધા ઇંચિ જાડાઇની સાઇઝમાં તૈયાર થઇને આવેલું છે. સુંદર બારીક હરફો, સારા કાગળ ઉપર છપાયલા છે. સોનેરી કિનારીવાળી જીલ્દ ઘણીજ ખુબસુરત છે. ટીનના દુરબીનવાળા બૉકસમાં રાખેલું છે. જેને દુરબીન વડે જોતાં ઝીણા હરફો ઘણા મોટા દેખાય છે. ચાહો તો ઘડીઆળના અછોડામાં રાખો અને ચાહો તો બચ્ચાઓના ગળામાં તાવીજ રૂપે પહેરાવો અથવા તબરરૂકન પાસે રાખો. કુરઆને મજીદનું પાસે રહેવું ખાસ મુબારક તથા બરકત ભરેલું છે. હદીયો રૂ. ૨-૮-૦ પોષ્ટેજ વધુ.

અમીર હસન નિઝામી. પાંચપટી—**અમદાવાદ.**

—દીન.—

સોમવારે સહવારે પ્રકટ થાય છે. લવાજમ ઉગ્જ લેવામાં આવે છે.

સ્થાનિક તથા હિંદ	પરદેશ.
વર્ષના રૂ. ૪–૦–૦	વર્ષના શી. ૮
	પોર્ટુગીઝ આફ્રીક
છ માસના ,, ૨–૮–૦	વર્ષના શી. ૧૦

નમુનાની નકલ-મુફત. છુટક કોપીના તેજ દીવસે ૦.

છુટક જાહેર ખબર—પહેલીવાર રૂ. ૧ નં લાઇન તે ફરી છાપવાનો અડધો દર. હેન્ડબીલ ચામણી રૂ. ૨૫)

મેનેજર દીન
પાંચપટી—અમદ